






# યાદગાર છે ફિલ્મોનો અમારો જમાનો

**પહેલાંના સમયમાં સિનેમા હોલમાં જઈને હિન્દી ફિલ્મો જોવાનો ક્રેઝ અને શોખ અદ્ભુત હતો. તે સમયની ફિલ્મ જોવાની મજા આજની મલ્ટિપ્લેક્સ સંસ્કૃતિ કરતાં સાવ અલગ અને યાદગાર હતી. આજથી 40-50 વર્ષ પહેલાં અંગ્રેજી ફિલ્મ જોવા પણ સિનેમા હોલમાં લોકોની ભીડ રહેતી. એવું નહોતું કે માત્ર પુરુષો જ ફિલ્મ જોવાના રસિયા હતા સ્ત્રીઓ પણ એટલી જ ફિલ્મ જોવાની શોખીન હતી. તમે તમારા ઘરમાં વયોવૃદ્ધ દાદાદાદી કે નાનાનાની હોય તો તેમની સમક્ષ એ જમાનાની ફિલ્મો માટે કેવો ક્રેઝ હતો તે કોઈ વખત પૂછીને જોજો. તેમની આંખોમાં એક ચમક આવી જશે અને આંખો સમક્ષ એ સમયની ફિલ્મ જોવા માટેની સફર તરવરી ઊઠશે અને બોલી ઊઠશે એ જમાનો તો થિયેટરનો હતો. હાઉસફુલનાં બોર્ડ જોઈને તેઓ કેવાં નિરાશ થઈ જતાં, ખિસ્સામાં વધારે પૈસા હોય તો બ્લેકમાં ટિકટ મેળવતાં પણ ખંચકાતાં નહીં. ચાલો આપણે 70 ની ઉંમર વટાવી ચૂકેલા કે તેની આસપાસ પહોંચેલા સુરતના સિનિયર સિટિઝન્સને મળીએ અને જાણીએ તેઓના ફિલ્મ જોવાના શોખને, જેની પર ક્રશ હોય તેવાં હીરો કે હિરોઇનને જોવા શું તેઓ તલપાપડ થયાં હતાં અને મુંબઈ સુધી દોટ મૂકી હતી? એ જમાનામાં સુરતમાં કેટલાં થિયેટરો હતાં અને હાઉસફુલનાં બોર્ડ જોવા મળે તો શું તેઓ બ્લેકમાં ટિકિટ ખરીદતાં અને બીજી ઘણી દિલચસ્પ વાતો...**




## ફિલ્મોનાં નામ પરથી બે દીકરી અને બે દીકરાનાં નામ પાડ્યાં, ત્રણ ફિલ્મો 21-21 વાર જોઈ: સુરેખા શાહ




સુરેખાબેનને ફિલ્મો જોવાનો શોખ લગ્ન બાદ તેમના હસબન્ડને કારણે જાગ્યો. આજે 83 વર્ષની ઉંમરે પણ તેઓ રાત્રે મોડે સુધી ઊંઘ ના આવે એટલે રોજ એક ફિલ્મ ટીવી પર જોતાં હોય. તેમણે ત્રણ ફિલ્મો 21-21 વખત જોઈ છે અને તે પણ થિયેટરમાં. 21-21 વખત ફિલ્મ જોવા પાછળનું રિઝન જાણીએ તે પહેલાં આપણે તેમનો પરિચય મેળવી લઈએ. 83 વર્ષનાં સુરેખાબેન શાહ પાર્લે પોઇન્ટ વિસ્તારમાં રહે છે. તેઓ હાઉસ વાઈફ છે. ફિલ્મરસિયા સુરેખાબેને જણાવ્યું કે, ''લગ્ન બાદ મને ફિલ્મ જોવાનો શોખ મારા હસબન્ડ જયંતીલાલ શાહને કારણે જાગ્યો. પહેલાં તો દિલ્હીગેટ નજીક ઘણી ટોકીઝ હતી. અમે ભટાર પરની એલ.બી. ટોકીઝમાં પણ પિક્ચર જોવા જતાં. શોખ થાય અને ટાઈમ હોય એટલે અમે ફિલ્મ જોવા જતાં રહેતાં. જો ટિકિટ ઇઝીલી ના મળે તો બ્લેકમાં ટિકિટ લઈને પણ પિક્ચર જોતા. મને હીરોમાં ગુરુદત્ત ગમતો. તેમની 'પ્યાસા', 'ચૌદવી કા ચાંદ', 'આરપાર', 'સાહિબ બીબી ઔર ગુલામ' ફિલ્મ જોઈ. 'સાવન ભાદો' ફિલ્મમાં નવીન નિશ્ચલનો લાસ્ટ સીન જોવા અમે તે ફિલ્મ 21 વખત જોઈ. 'કાનૂન' ફિલ્મમાં ટકટક અવાજ આવતો તે જોવા આ ફિલ્મ પણ 21 વખત જોઈ. શમ્મી કપૂરનું 'તારીફ કરું ક્યા ઉસકી...' ગીતમાં તે ઝીલમાં પડે છે એ સીન જોવા 'કાશ્મીર કી કલી' ફિલ્મ પણ 21 વખત જોઈ. પહેલાં 'ગાંધી સ્મૃતિ ભવન'માં બંકીમ નાઈટ ચાલતી જેમાં ફિલ્મોનાં ગીત હોય તે જોવા અમે જતાં. નવસારીમાં હેમંત કુમારની નાઈટ જોવા સુરતથી ગયાં હતાં. મારા હસબન્ડે અમારી બે દીકરીઓ અને બે દીકરાનાં નામ ફિલ્મના નામ પરથી પાડ્યા. અનુપમા, આરાધના, રાહગીર અને શેતલ ('શેતલના કાંઠે' ફિલ્મ પરથી શેતલ) નામ પાડ્યાં. ઇંગ્લીશ સમજ નહીં પડતી છતાં અંગ્રેજી ફિલ્મો પણ બહુ જોતાં. હીરોઇનમાં મને નરગીસ, શર્મિલા ટાગોર ગમતી. મેં તો ઘરે બેસીને સાઉથની ફિલ્મોના ઘણા હીરોનાં પિક્ચર પણ જોયાં છે. અત્યારે તમિલનાડુના ચીફ મિનિસ્ટર વિજય થલપતિની 'વારીસુ' ફિલ્મ પણ મને બહુ ગમી એટલે પાંચ વખત જોઈ છે.''



## એક હજાર કરતાં વધુ ફિલ્મો જોઈ, વહીદા રહેમાન અને દેવ આનંદ ફેવરિટ હતાં: મિલન ત્રિવેદી




મિલનબેનના ફાધરને પણ ફિલ્મો જોવાનો બહુ શોખ એટલે જ્યારે જ્યારે સારી મુવી આવે એટલે તેમના ફાધર આખી ફેમિલીને ફિલ્મ જોવા લઈ જતાં. મિલનબેને બાળપણથી લઈને અત્યાર સુધીમાં એક હજાર કરતાં વધારે મુવી જોઈ છે. કોલેજમાં હતાં ત્યારે મહિનામાં ત્રણ-ચાર ફિલ્મ તો જોઈ લેતાં. પીપળોદ વિસ્તારમાં રહેતાં 74 વર્ષના મિલનબેન ત્રિવેદીએ જણાવ્યું કે, ''હું પહેલાં સ્કૂલમાં શોખ ખાતર બાળકોને ભણાવતી. મેં B.Sc. અને M.Sc. અમદાવાદમાં હોસ્ટેલમાં રહીને કર્યું હતું. એ વખતે તો સારી ફિલ્મ હોય તો કોલેજમાં બંક મારીને ફિલ્મ જોવા થિયેટરમાં પહોંચી જતાં. બપોરે 12 થી 3 અને 3 થી 6નો શો જોવા જતાં. મને દેવ આનંદ બહુ ગમતો અને વહીદા રહેમાન પણ ગમતી હતી. હું SSC પાસ થઈ ત્યારે જ રાજેશ ખન્નાનું 'આરાધના' મુવી આવેલું જે જોવાની પણ તાલાવેલી હતી. એ પિક્ચર તો બહુ સુપર હિટ થયું હતું. રાજ કપૂર, ધર્મેન્દ્ર, રાજેશ ખન્ના પછી અમિતાભ બચ્ચન એ સમયની છોકરીઓને બહુ ગમતા. હીરોઇનમાં વહીદા રહેમાન, સાધના, શર્મિલા ટાગોર, વૈજયંતી માલા, જ્યા ભાદુરી, રાખી, રેખા પણ હોટ ફેવરિટ હતાં. તે જમાનામાં તો સાધના, શર્મિલા, રાખી જેવી હેર સ્ટાઇલ છોકરીઓ કરતી. મને પણ ફિલ્મની હિરોઇનને જોવાની ઇચ્છા હતી. મુંબઇ તાજ હોટેલમાં હસબન્ડ સાથે ગઈ હતી ત્યારે અનાયાસે મને જ્યા બહાદુરીને જોવાનો મોકો મળ્યો હતો. તમે નહીં માનો પણ મને અને મારા હસબન્ડને બહુ ફિલ્મો જોવાનો શોખ એટલે મેં તો એક હજાર કરતાં વધુ ફિલ્મો જોઈ છે. એ વખતે રેડિયો પર ગીતો સાંભળવાનો પણ બહુ ક્રેઝ એટલે કયું ગીત કઈ ફિલ્મનું છે, કોણે તે ગીત લખ્યું હતું, કોણ સંગીતકાર હતાં, પડદા પર કયાં હીરોહીરોઈને તે ગીત ગાયું હતું તે પણ મને અને મારા હસબન્ડને યાદ છે. આ ગીતો એટલે 1950થી લઈને 1970 સુધીની ફિલ્મનાં ગીતો. 'આનંદ' અને 'આરાધના' ફિલ્મ તો રિપીટેડલી જોઈ જતી. એ વખતે તો બે-અઢી રૂપિયામાં ટિકિટ મળી જતી. હવે તો એટલી ફિલ્મો જોવાનું નથી ગમતું. જો કે ગુજરાતી ફિલ્મો જોઈ લઈએ. અમારા જમાનામાં તો અંગ્રેજી મુવી જોવાનો પણ લોકોને બહુ ક્રેઝ હતો મેં Good Bad Ugly, God Father, Gladiator, Titanic, Enter the Dragon, Preety Woman ફિલ્મો ઉપરાંત બીજી અનેક અંગ્રેજી ફિલ્મો જોઇ છે.''




## દારાસિંહની ફિલ્મો જોઈને હું પણ પહેલવાન જેવી બોડી બનાવવા અખાડામાં જતો : હરકાંત મિસ્ત્રી

76 વર્ષના હરકાંત મિસ્ત્રીને બાળપણથી ફિલ્મો જોવાનો જબરો શોખ હતો. એ જમાનામાં પેરેન્ટ્સ તરફથી તેમને મહિને 10 રૂપિયા મળતા જે ફિલ્મો જોવા પાછળ ખર્ચી નાખતા. અઠવાડિયામાં 4 થી 5 ફિલ્મ જોઈ નાખતા. ભટાર રોડ વિસ્તારમાં રહેતા હરકાંતભાઈ હાલમાં તો રિટાયર્ડ લાઈફ જીવે છે. જો કે એ પહેલાં તેઓ ડાયમંડના બિઝનેસ સાથે સંકળાયેલા હતા. તેમણે જણાવ્યું કે, ''દારાસિંહની ફિલ્મો બહુ જોતા. એમની ફિલ્મો જોઈને અમને મિત્રોને પણ અખાડામાં જઇને પહેલવાન જેવી બોડી બનાવવાનો શોખ થયો હતો. અમે અખાડામાં જતા પણ હતા એટલે બોડી પણ સારી ખડતલ બની ગઈ હતી. 60 વર્ષ પહેલાં તો સુરતની ટોકિઝો નવી ફિલ્મ રીલિઝ થાય એટલે ફૂલ થઈ જતી. અડધોએક કલાક કે એનાથી પણ વધારે સમય ટિકિટ લેવા લાઈનમાં ઊભા રહેતા. ફિલ્મ રીલિઝ થાય એટલે ફર્સ્ટ વીકમાં ફિલ્મ જોઈ લેવાની. એ જમાનો એવો હતો જ્યારે આઠ આનામાં ટિકિટ મળી જતી. ત્યારે તો ટોકિઝની અંદર પોપકોર્ન નહીં મળતા પણ દાણાચણા અને ભેળ મળતાં. અમે 25 પૈસાના ભાડેથી સાઈકલ મેળવતાં અને તેની પર ફિલ્મ જોવા જતાં. સિનેમા હોલની બહાર પાર્કિંગમાં સાઈકલ મૂકવા 10 પૈસા ચૂકવતાં. એક રૂપિયામાં તો ફિલ્મ જોવાઈ જતી. એ વખતે ટિકિટ માટે લાંબી લાઈનો લાગતી એમાં પણ હટ્ટીકટ્ટી વ્યક્તિઓ વચ્ચે ઘૂસી જતી. મારી પણ પહેલવાન જેવી બોડી બની હતી તો હું પણ જમ્પ મારીને લાઈનમાં વચ્ચે ઘૂસી જતો. એ જમાનામાં મને દિલીપ કુમાર અને મીના કુમારી આ બંનેના અભિનય બહુ ગમતા. ભટારમાં પહેલાં એલ.બી. સિનેમા હતું ત્યારે એ એરિયા થોડો સુમસામ એટલે લોકોને ફેમિલી સાથે ત્યાં ફિલ્મ જોવા જતા ડર લાગતો પણ છતાં અમે ત્યાં ફિલ્મ જોવા જતા. હું તો નાટકોમાં કામ કરતો હતો અને મને મુંબઈમાં નાટકોમાં અભિનય માટે તક મળી હતી પણ મારા ફાધરે મને મુંબઈ જવા નહોતો દીધો. હું સારો ગાયક પણ છું એટલે આ ઉંમરે પણ અલગ અલગ ફંક્શનમાં ગીતો ગાઉં છું. અત્યારે તો મને ફિલ્મ જોવાનો શોખ નથી રહ્યો. મેં મારી લાઇફમાં એક હજારથી વધુ ફિલ્મો જોઈ લીધી છે. મેં તો બ્લેકમાં ટિકિટ મેળવીને પણ ફિલ્મો જોવાની મજા લીધી છે.''





## મુંબઈમાં 30 દિવસમાં 31 ફિલ્મો જોઈ હતી, રવિવારે પપ્પા ફેમિલીને પિક્ચર જોવા લઈ જતાં: વિદુર નાઝર



S.S.C. ધો.10 ની પરીક્ષા પાસ થયા બાદ વિદુર નાઝર મુંબઈ તેમના એક ફ્રેન્ડના ઘરે વેકેશન ગાળવા ગયા હતા ત્યાં 29 કે 30 દિવસમાં 31 ફિલ્મ જોઈ નાખી હતી. જો કે તેમને અંગ્રેજી ફિલ્મો જોવાનો શોખ બહુ હતો. સિટીલાઈટ વિસ્તારમાં રહેતાં વિદુરભાઈ કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં જોબ કરતા હતા. તેમણે નાટ્ય ક્ષેત્રમાં અભિનયનાં ઓજસ પાથર્યાં હતાં. તેમણે ઘણાં બધાં નાટકો કર્યાં હતાં, નાટ્યસ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. તેમણે જણાવ્યું કે, ''1952માં મારો જન્મ મુંબઈમાં થયો હતો. 7 કે 8 વર્ષની એજમાં સુરત શિફ્ટ થઈ ગયા હતા. મને અંગ્રેજી ફિલ્મો જોવાનું વધારે ગમતું. 1969ના વર્ષમાં મેં હિન્દી ફિલ્મો જોવાનું સ્ટાર્ટ કર્યું હતું. તે વખતના જમાનામાં દિલીપ કુમાર, રાજ કપૂર, દેવ આનંદ, રાજેન્દ્ર કુમાર મશહૂર હતા. જો કે મને તો બધા એકસરખા લાગતા. વર્સટાઇલ એક્ટર જો કોઈ મારી નજરમાં રહ્યા હોય તો સૌથી પહેલા સંજીવ કુમાર અને ત્યાર પછી પરેશ રાવલ. આ બંને કલાકાર બધા જ પ્રકારનાં પાત્રો ભજવી શકે એવા કલાકાર. પરેશ રાવલને હું યુનિવર્સિટીમાં ત્યારના વાઇસ ચાન્સેલર ડો. દક્ષેશ ઠાકરની ઓફિસમાં મળ્યો હતો. મને ફિલ્મો જોવાનો શોખ મારા ફાધર તરફથી મળ્યો. લગભગ દર રવિવારે 10 થી 11 વાગ્યાના શોમાં અમને આખા ફેમિલીને પિક્ચર જોવા લઈ જતાં અને ફિલ્મ પત્યા બાદ બપોરનું લંચ રેસ્ટોરન્ટમાં લેતાં અને પછી ઘરે જતાં. ત્યારે તો પ્રકાશ ટોકીઝની પાછળ આવેલી વિક્ટરી ટોકીઝમાં અંગ્રેજી ફિલ્મોના શો બતાવતા. મને અંગ્રેજી ફિલ્મો બહુ ગમતી કેમ કે એનું ડાયરેક્શન, એની ફોટોગ્રાફી, થીમ, એન્ટરટેઇનમેન્ટ બધું જ સારું. જ્યારે હિન્દી ફિલ્મોની કેટેગરી એ લેવલની નહોતી. હું બહુ સારા જોવા જેવા હિન્દી ફિલ્મો જ જોતો. મુંબઈ ફ્રેન્ડને ત્યાં ગયો એ વખતે વેકેશનનો સમય પસાર કરવા 31 ફિલ્મો જોઈ કાઢી હતી. આજે પણ મને મન થાય ત્યારે હું એ સમયની અંગ્રેજી ફિલ્મો રિપીટેડલી જોઉં છું.''



## હેમા માલિનીને દાંડિયાની ગિફ્ટ આપી હતી, કોલેજમાં ગુલ્લી મારીને ફિલ્મ જોવા જતી: આશાબેન પરમાર



ઘોડદોડ વિસ્તારમાં રહેતાં 69 વર્ષીય આશાબેન પરમારને બાળપણમાં ગુજરાતી ફિલ્મો જોવી ગમતી. SSC બોર્ડની પરીક્ષા બાદ તેમને હિન્દી ફિલ્મોમાં શોખ જાગ્યો. આશાબેને જણાવ્યું કે હું આમ તો હાઉસ વાઈફ જ છું પણ પહેલા હું મારા હસબન્ડના કન્સ્ટ્રક્શનના બિઝનેસમાં હેલ્પ કરતી. અત્યારે તો નિવૃત્ત જીવન માણું છું. હું મૂળ તો ભાવનગરની, ત્યાં મેં સ્કૂલ અને કોલેજની સ્ટડી કરી. એ સમયે તો ભાવનગરમાં થિયેટર્સ બહુ જ ઓછાં હતાં પણ હું મહિને એક વખત તો ફિલ્મ જોવા જતી જ. કોલેજમાં તો ગુલ્લી મારીને થિયેટર પર પિક્ચર જોવા પહોંચી જતાં, એની એક અલગ જ મજા હતી. ઘરેથી તો દિવસના શો જોવા જવા દેતા પણ જાગરણ હોય ત્યારે સાહેલીઓ, પાડોશીઓ સાથે કે સંબંધીઓ સાથે થિયેટરમાં મુવી જોવા જવાની પરમિશન મળતી. ફિલ્મ જોવાના શોખીનોને કોઈ ને કોઈ હિરો કે હિરોઇન ગમતાં હોય. મને પણ ધર્મેન્દ્ર બહુ જ ગમે. ધર્મેન્દ્રનાં ગીતો અને ફિલ્મો મને આજે પણ આકર્ષિત કરે છે. ધર્મેન્દ્રને મળવાની ઇચ્છા તો બહુ હતી પણ મને હેમા માલિનીને મળવાનો મોકો મળ્યો હતો. પિક્ચર જોવાનું બહુ ગમતું તેમાં મમ્મીપપ્પાનો ઠપકો પણ મળતો. મારા મેરેજ નીતિન પરમાર સાથે થતાં હું સુરત આવી. અહીં તો મારા કરતાં મારા હસબન્ડને ફિલ્મો જોવાનો જબરો શોખ હોવાનું મને જોવા મળ્યું. જો કે મારા હસબન્ડને અંગ્રેજી ફિલ્મો જોવી ગમે. લેટ નાઈટ શો જોવા હું તેમની સાથે થિયેટરમાં તો જતી પણ અંગ્રેજી બહુ આવડે નહીં એટલે સમજ ના પડે તો થિયેટરમાં જ સૂઈ જતી. 40- 50 વર્ષ પહેલાં તો ફિલ્મી ટિકિટ લગભગ એક રૂપિયો 20 પૈસામાં મળી જતી. અત્યારે પણ અમે હસબન્ડ- વાઈફ સાથે બેસીને ફિલ્મ જોતા હોઈએ. મને ફિલ્મો જોવા માટે બહુ આકર્ષણ રહેતું એટલે વર્ષો પહેલાં ઘોડદોડ રોડ પર હેમા માલિની એક શો રૂમના ઉદઘાટનમાં આવ્યાં હતાં ત્યારે તો મેં તેમના માટે સ્પેશ્યલ દાંડિયા ભેટ આપવા બનાવ્યા હતા. ભીડ તો ઘણી હતી પણ મને તેમને મળવા પરમિશન મળી ગઈ. તેમને મેં એ ફેન્સી દાંડિયા આપ્યા ત્યારે હેમા માલિનીએ કહ્યું હતું બહુ જ ફાઇન છે અને પછી થેંક યુ પણ કહ્યું હતું. એ વખતે તો વર્ષોથી જેમની ફિલ્મો જોઈ તેમને મળવાનો મોકો મળ્યો તો હું તો ગદગદિત થઈ ગઈ હતી. ફિલ્મોનો એટલો શોખ કે એક વાર મુંબઈના ગોરેગાંવના ફિલ્મ સ્ટુડિયોમાં હસબન્ડ સાથે ગઈ હતી. ત્યારે માધુરી દીક્ષિત અને અનિલ કપૂરનું 'તેજાબ' ફિલ્મનું શૂટિંગ ચાલતું હતું. મેં તો ખાસ ઓટોગ્રાફ બુક બનાવી હતી એમાં માધુરી અને અનિલ કપૂર તથા ડેનીના ઓટોગ્રાફ લીધા હતા. મેં સ્પેશ્યલ ઓટોગ્રાફ માટેની જે બુક બનાવી હતી તે તો પછી મેં મારા દીકરાઓને આપી હતી. ગોરેગાંવમાં શૂટિંગ જોયું ત્યારે એક એક સીનનું શૂટિંગ કેટલું લાંબુ ચાલે તે જોઈને એવું થયું હતું કે શૂટિંગ જોવું હવે નહીં ગમે પણ ફિલ્મો જોવાનો શોખ જરા પણ નથી ઘટ્યો. ફિલ્મરસિયાઓને એમના મનગમતાં હિરોહિરોઈન જોવાનો મોકો મળી જ જતો હોય. મને સુરતમાં જ અમિતાભ, જ્યા બચ્ચન, જયા પ્રદાને મળવાનો મોકો મળ્યો જ હતો. હવે તો મને નથી લાગતું કે કોલેજમાં ગુલ્લી મારીને યંગસ્ટર્સ ફિલ્મ જોવા જતાં હશે.''



## મને રાજ કપૂર ગમતો કેમ કે બધાંને લાગે છે કે હું રાજ કપૂર જેવો દેખાઉં, 1972માં રાજ કપૂરને મળવાનું સપનું પૂરું થયું: આસિત મહેતા



આસિત મહેતાનું સુરતના વકીલાત જગતમાં ખાસ્સું જાણીતું નામ છે. તેમને ફિલ્મો જોવાનો કેટલો શોખ હતો તે તમે જ્યારે એમના મોબાઈલ ફોનની રિંગ ટોન 'આવરા હું સાંભળો' એના પરથી જ ખ્યાલ આવી જાય છે. તેમનો દેખાવ પણ રાજ કપૂર જેવો જ લાગે. હાલ 80 વર્ષની ઉંમરે પહોંચેલાં આસિતભાઈ મહેતા હાલ રાંદેર રોડ તાડવાડી વિસ્તારમાં રહે છે. તેમણે જણાવ્યું કે, ''1946માં મારો જન્મ થયો હતો. મેં 54 વર્ષ વકીલાત કરી. હું ક્રિમિનલ કેસ લડતો. મારા ફાધર કુલીન મહેતા પણ જાણીતા વકીલ હતા. હું કોલેજમાં હતો ત્યારે મને પિક્ચરમાં કામ કરવા માટેની તક મળી હતી. ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં નવા ચહેરાની શોધ ચાલુ હતી. મેં એક અરજી અને ફોટા મોકલી આપ્યાં હતાં. મારું તો નસીબ ચમકી ગયું જ્યારે મારું સિલેક્શન થયાનું જાણવા મળ્યું. મુંબઈ અંધેરીમાં મારો ઇન્ટરવ્યૂ લેવાયો હતો પછી પૂણે ઇન્સ્ટિટ્યુટમાં એક્ટિંગના ક્લાસમાં હતો. એ સમયે રાજેશ ખન્ના અને મેં એક રૂમ 20 દિવસ શેર કર્યો હતો. પછી મારા ફાધર સીરિયસ હોવાનો ટેલિગ્રામ આવતાં મારે બેક ટુ પેવિલિયન થવું પડ્યું એટલે કે સુરત આવી જવું પડ્યું. મારા ફાધર બીમાર નહોતા પણ મને સુરત બોલાવવા માટે આવો ટેલિગ્રામ કર્યો હતો. ફાધરે કહ્યું પહેલાં ગ્રેજ્યુએટ થઈ જા પછી જે કરવું હોય તે કર. પછી તો વકીલાતમાં આવી ગયો અને દેવયાની સાથે પસંદગીના મેરેજ કર્યા. એ સમયે સુરતમાં 9 થિયેટર હતાં. જો એક થિયેટરની ટિકિટ ના મળે તો બીજા થિયેટરમાં ઘુસી જતાં. મારે કોઈ વખત બ્લેકમાં ટિકિટ લેવાની જરૂર નહીં પડી. મારા ફાધર સુરતમાં જાણીતું નામ એટલે મને જ્યારે પણ પિક્ચર જોવાનું મન થાય ફાધર થિયેટરવાળાને ફોન કરી દેતા અને હું અને મારા મિત્રો પિક્ચર જોવા પહોંચી જતાં. એ સમયે 30 પૈસાની ટિકિટ હતી. બાલ્કનીની ટિકિટ દોઢ રૂપિયો હતી તો અપરની ટિકિટ 75 પૈસાની હતી અને લોઅરની 25 પૈસાની ટિકિટ હતી. 'સંગમ' ફિલ્મ વખતે તો હું અને મારા મિત્રો થિયેટર પર લાઇન જોવા ગયા હતા ત્યારે તો દિલ્હીગેટ સુધી લોકોની આ ફિલ્મની ટિકિટ મેળવવા લાંબી લાઈન લાગી હતી. એ સમયે વરસાદ ચાલુ થઈ ગયો તો અમે મિત્રો એક થિયેટરમાં ફિલ્મ જોવા ઘુસી ગયા હતા. કુલીન મહેતાનો દીકરો એટલે અમારા પૈસા લીધા વગર અમને પિક્ચર જોવા બેસાડ્યા. 1972માં હું વકીલ બન્યો. એ સમયે રાજ કપૂરની 'કલ આજ ઔર કલ' ફિલ્મને લઈને કોર્ટમાં વિવાદ પહોંચ્યો હતો. અમદાવાદ કોર્ટમાં પણ કેસ મુકાયો હતો. મેં પણ એક મિત્ર મારફત નોટિસ મૂકી હતી. પછી રાજ કપૂરના સેક્રેટરી તરફથી કહેવાયું હતું કે તમે રાજ કપૂરને મળવા માંગતા હો તો આવી શકો. એ વખતે હું અને સુરતના પોલિટિશિયન અને મારા ખાસ મિત્ર મુંબઈ આર કે સ્ટુડિયો પહોંચી ગયા હતા રાજ કપૂરને મળવા. જો કે, રાજ કપૂર ત્યાં નહોતા, તેઓ 'બોબી' ફિલ્મના એક ગીતના રેકોર્ડિંગ માટે બીજે હતા. અમે ત્યાં પહોંચ્યા અને પછી રાત્રે 9 વાગે રાજ કપૂરને મળ્યા હતા. રાજ કપૂરને મળવાનું મારું સપનું 1972માં પૂરું થયું હતું.''



**પહેલાં સુરત સિટીમાં 9 જેટલાં સિનેમાઘર એક જ હરોળમાં હતાં એટલે જ તે વિસ્તાર સિનેમા રોડ તરીકે ઓળખાવા લાગ્યો હતો. પછી તો ડી.વી.ડી., વી.સી.આર.નો જમાનો આવ્યો તો લોકો ઘરમાં જ તેના પર ફિલ્મો જોવા લાગ્યા. જેને કારણે થિયેટરમાં જવાનું ઓછું થવા લાગ્યું અને સિંગલ સ્ક્રીન સિનેમાઘર બંધ થવા લાગ્યાં. હવે તો સિનેમા રોડ નામનું જ રહ્યું છે. જો કે, એ જમાનાને હજી પણ સિનિયર સિટિઝન્સ વાગોળે છે. મનગમતાં હિરો-હિરોઈનની ફિલ્મ 15-20 વખત સિનેમાઘરમાં જઈને જોઈ આવતા. એ જમાનો તો એવો હતો કે મનગમતાં હિરો કે હિરોઈનને મળવા મુંબઈ સુધી દોટ લગાવતા. રાજેશ ખન્ના પર તો એ સમયની યુવતીઓ એટલી ફિદા થતી હતી કે પોતાના લોહીથી રાજેશ ખન્નાને પત્રો લખતી. જો કે એમાં સુરતની યુવતીઓ હતી કે નહીં તેનો ખ્યાલ નથી. હજી પણ સુરતના કેટલાક વડીલોએ એમણે એ સમયે 25 પૈસા, એક રૂપિયામાં ખરીદેલી ફિલ્મની ટિકિટ, એ સમયનાં ફિલ્મી મેગેઝિનો પણ સાચવી રાખ્યાં છે.**

